સુવિચાર

સફળતા માટે તો સંઘર્ષ જ કરવો પડે સાહેબ, બાકી કિસ્મત તો અકસ્માત અને સટ્ટામાં જ કામ લાગે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




લોધેશ્વર સોસાયટી અને પોપટપરામાં મુંગા પશુઓની તસ્કરી કરનાર ગેંગ ઝડપાઇ P-4

Year-16, Issue-48 ■ DATE : 04-06-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## "આજે કેબીનેટ : મોદી ૩.૦ના એક વર્ષનો રિપોર્ટ કાર્ડ - જાતિ જનગણના એજન્ડા

### અમેરિકા સાથેના વ્યાપાર કરાર- વિદેશ ગયેલા પ્રતિનિધિમંડળની સફળતા અંગે પણ ચર્ચા થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ઓપરેશન સિંદુર બાદના બનેલા વાતાવરણ અને આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા સાથેના ટેરીફ સહિતના મુદ્દે વાટાઘાટો, ઘરઆંગણે પાક સાથેની અથડામણ મુદ્દે અમરિકાની દરમ્યાનગીરી સહિતના ચગી રહેલા મુદ્દાઓ વચ્ચે આજે મળનારી કેન્દ્રીય કેબીનેટમાં આ અંગે વિચારણા થશે.

ખાસ કરીને વિપક્ષ હવે ઓપરેશન સિંદુર મુદ્દે ચર્ચા કરવા માટે સંસદના ખાસ સત્રની માંગણી કરી રહ્યો છે અને ૧૬ વિપક્ષોએ આ અંગે સરકારને પત્ર લખ્યો છે.

જો કે સરકારના સૂત્રોએ હાલ કોઈ ખાસ સત્ર બોલાવાશે નહી તેવો જવાબ પાઠવી દીધા છે તે વચ્ચે હવે સરકાર જાતિ જનગણનાની ફોર્મ્યુલા મુદ્દે પણ નિર્ણય લેશે અને કેન્દ્રની મોદી-૩.૦ સરકાર ૧ વર્ષ તથા એકંદરે એનડીએ શાસનને ૧૧ વર્ષ પુરા થઈ રહ્યા છે તો સરકારની કામગીરીનો રિપોર્ટ કાર્ડ પણ કેબીનેટમાં રજુ કરાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ વિદેશમંત્રી એસ.જયશંકર કેબીનેટને હાલમાંજ જે સાંસદોનું પ્રતિનિધિમંડળ વિદેશ ગયુ હતું તેનો રિપોર્ટ કાર્ડ રજુ કરશે તો કેબીનેટ સચીવ ટી.વી.સત્યનાથન સરકારની ૧ વર્ષની કામગીરીનો રિપોર્ટ આપશે.

સૌથી મહત્વનુ મોદી સરકારે જાતિ જનગણનાનો અમલ કરવા સ્વીકાર કર્યો છે અને હવે તેની ફોર્મ્યુલા નિશ્ચિત કરાશે. દેશમાં ૨૦૨૧ની વસ્તી ગણતરીનું કામ જે શરૂ કરાતુ હતુ તે અટકયુ છે અને વસતિ ગણતરી- જાતિ જનગણનાને કઈ રીતે સાથે જોડી શકાય. આ ઉપરાંત જે રીતે નવા લોકસભા સિમાંકન પણ કર્યુ છે અને એક વખત વસતિ ગણતરી પુરી થયા બાદ તે એજન્ડા હાથ પર લેવાશે.

આમ છેક ૨૦૨૯નો રોડમેપ અત્યારથી જ તૈયાર કરવો પડશે. જેમાં હવે 33% મહિલા અનામતનો મુદ્દો પણ ૨૦૨૯થી અમલમાં મુકવાનો છે. આમ સરકાર પાસે મોટી કામગીરી રાહ જુએ છે અને હવે તે હાથ ધરાશે.

# સુપ્રિમ કોર્ટમાં ન્યાય ઝડપી બન્યો

### કેસોનો નિકાલ દર ૧૦૪.૫ ટકાઃ નવા કરતા પેન્ડીંગ કેસોના નિકાલની સંખ્યા વધી ગઈ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છેલ્લાં કેટલાક વર્ષોમાં સુપ્રીમ કોર્ટમાં કેસોનો નિકાલ ઝડપી બન્યો છે. હવે દર વર્ષે જેટલા નવા કેસ દાખલ થાય છે તેના કરતાં વધુ કેસોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. ૨૦૨૧ ની તુલનામાં, સુપ્રીમ કોર્ટના નિકાલના દરોમાં આ વર્ષે એપ્રિલ સુધીમાં ૪ ટકાથી વધુનો વધારો થયો છે.

સુપ્રીમ કોર્ટે કેસોના નિકાલમાં હાઈકોર્ટ અને જિલ્લા અદાલતોને પણ પાછળ છોડી દીધી છે. સુપ્રીમ કોર્ટની ઈન હાઉસ થિંક ટેન્ક સેન્ટર ફોર રિસર્ચ એન્ડ પ્લાનિંગએ જાહેર કરેલાં રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૧ સુધી ટોચની અદાલતમાં કેસોના નિકાલનો દર નિરાશાજનક હતો, જે ૧૦૦ ટકાથી ઓછો હતો. હવે સુપ્રીમ કોર્ટમાં કેસોનો નિકાલ ઝડપથી કરવામાં આવ્યો છે અને તેમાં ૧૦૦ ટકાનું લક્ષ્ય છે એટલું જ નહીં નિકાલ ૧૦૪.૦૫ ટકાએ પહોંચ્યો છે. ટોચની અદાલતમાં પેન્ડિંગ કેસોની પેન્ડિંગતા નજીવી લાગી શકે છે, જે દેશની અદાલતોમાં કુલ પેન્ડન્સીના માત્ર ૦.૧૪ ટકા હિસ્સો ધરાવે છે. કુલ પેન્ડિંગ કેસોમાંથી, જિલ્લા અદાલતોનો હિસ્સો ૮૮% કરતાં ઓછો છે અને ઉચ્ચ અદાલતોનો હિસ્સો ૧૨% છે.

વિશ્વભરની ટોચની અદાલતો સાથેનું એક સાદું તુલનાત્મક વિશ્લેષણ દર્શાવે છે કે ભારતની સર્વોચ્ચ અદાલત વિશ્વભરમાં સૌથી વધુ કેસોના બોજને સંભાળી રહી છે, એમ અહેવાલમાં જણાવાયું હતું.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, છેલ્લા ઘણા વર્ષોથી લગભગ ૧૬,૦૦૦ કેસ ટ્રાયલ માટે સૂચિબદ્ધ નથી. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે નવેમ્બરમાં તેની થિંક ટેન્ક સીઆરપીને જૂના, નાના અને બિનઅસરકારક કેસોની ઓળખ કરવાનું કામ સોંપ્યું હતું.

# સરકારે ૪૧ જરૂરી દવાઓનું ભાવ બાંધણું કર્યુ

### જે દવાઓની ખર્ચ નક્કી કરી છે તેમાં હૃદયની બિમારી, તાવ, ડાયાબિટીસ, દુઃખાવો, સ્ટ્રેસ જેવી દવાઓનો સમાવેશ થાય છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એક જ દવા માટે અલગ અલગ કંપનીઓના ભાવમાં હવે મોટા તફાવતની સમસ્યા નહીં રહે. વાસ્તવમાં, કેન્દ્ર સરકારે અલગ અલગ રોગો માટે ૪૧ દવાઓનો મહત્તમ છૂટક ભાવ નક્કી કર્યો છે. હવે દવા કંપનીઓ આ કિંમત કરતા વધુ કિંમતે તેમની દવાઓ વેચી શકશે નહીં. જોકે તેમને દવાના MRP ઉપરાંત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલવાનો અધિકાર હશે, પરંતુ કંપનીઓ પહેલા સરકારને GST ચૂકવ્યા પછી જ આ કામ કરી શકશે. આ ૪૧ દવાઓમાં મોટાભાગની તાવ, દુખાવો, ડાયાબિટીસ જેવી દૈનિક ઉપયોગની દવાઓનો સમાવેશ થાય છે. સરકારે દરેક દુકાનદાર અને ડીલરને દવા ઉત્પાદક કંપની પાસેથી મળેલી કિંમત યાદી દુકાનમાં એવી જગ્યાએ મૂકવાનો પણ આદેશ આપ્યો છે જ્યાંથી ગ્રાહક સરળતાથી જોઈ શકે. આ માટે, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી એ એક સૂચના પણ જારી કરી છે.

સરકારે ૪૧ દવાઓની મહત્તમ છૂટક કિંમત નક્કી કરી છે. આ દવાઓનો ઉપયોગ ડાયાબિટીસ, હૃદય, તાવ, દુઃખાવો, તણાવ અને જીવનશૈલી સંબંધિત અન્ય રોગોની સારવારમાં થાય છે. મંગળવારે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા જાહેર કરાયેલા એક નોટિફિકેશનમાં આ અંગે માહિતી આપવામાં આવી હતી. આમાં ૪૧ દવાઓની મહત્તમ છૂટક કિંમત નક્કી કરવામાં આવી છે. આ કિંમત ઉપરાંત ફાર્માસ્યુટિકલ કંપનીઓને નિશ્ચિત કિંમત પર વધારાનો GST ઉમેરવાની મંજૂરી આપવામાં આવશે.

નોટિફિકેશનમાં, આને નવી દવાઓ કહેવામાં આવી છે. આ મુજબ, ઉત્પાદકે છૂટક કિંમતો નક્કી કરવી પડશે. દવા ઉત્પાદક કંપની છૂટક કિંમત પર GST ની રકમ ત્યારે જ ઉમેરી શકે છે જ્યારે તે સરકારને ચૂકવવામાં આવી હોય અથવા બાકી હોય. નોટિફિકેશન અનુસાર દરેક દુકાનદાર અને ડીલરને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી કિંમત યાદી તેમની દુકાનમાં એવી જગ્યાએ ચોંટાડવાનો આદેશ આપવામાં આવ્યો છે, જ્યાં કોઈપણ તેને સરળતાથી વાંચી અને જોઈ શકે.

ગ્રાહકો દવાની કિંમત સરળતાથી જાણી શકે તે માટે આ જરૂરી છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું હતું કે છૂટક કિંમત ફક્ત તે ઉત્પાદકોને જ લાગુ પડશે જેમણે સરકાર દ્વારા બનાવેલા તમામ નિયમો અને શરતોનું પાલન કર્યું છે. જો દવાના છૂટક ભાવ સંબંધિત સૂચનાઓનું ઉત્પાદક દ્વારા પાલન કરવામાં ન આવે, તો નિયમો અનુસાર, એકત્રિત કરેલી વધારાની રકમ વ્યાજ સાથે જમા કરવી પડશે.




# ડર કે લાલચ બતાવીને ઈ-કંપનીઓ હવે ગ્રાહકનું ખિસ્સુ હળવુ નહીં કરી શકે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈ-કંપનીઓ પોતાના વેબસાઈટની ભ્રામક ડિઝાઈન (ડાર્ક પેટર્ન) થી ડર દેખાડીને દાન કે ખોટી ઈમરજન્સીનાં નામે જબરજસ્તીથી આપનું ખિસ્સુ ઢીલુ નહિં કરી શકે.

કેન્દ્ર સરકારે પણ મહિનામાં કંપનીઓને વેબસાઈટોમાંથી ભ્રામક ડિઝાઈન બદલવાનું કહ્યું છે. ખરેખર તો ગ્રાહક મંત્રાલયે ઈ-કોમર્સ કંપનીઓ, દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલ ૧૩ પ્રકારની ડાર્ક પેટર્નની ઓળખ કરી છે.

મતલબ કે આપ કોઈ વેબસાઈટથી હોટેલમાં રૂમ બુક કરવા માંગો છો એ વેબસાઈટ બતાવે છે કે માત્ર બે રૂમ ખાલી છે અને અનેક લોકો હાલમાં રૂમ શોધી રહ્યા છે. આપે જો કોઈ કેબ બુકની



વેબસાઈટથી સામાન ખરીદયો છે.

વેબસાઈટ ખુદ તમારા કાર્ડમાં દાન તરીકે કેટલીક રકમ જોડી દે છે આજ રીતે વિમાન યાત્રા કે અન્ય કોઈ યાત્રા માટે ટીકીટ બુક કરાવતી વખતે ઈસ્યોરન્સ લેવા માટે મજબુર કરવામાં આવે છે.

ભોકલ સર્કલ્સનાં સર્વે મુજબ ઓનલાઈન ઈુસ્યોરન્સ ખરીદનારા ૬૧ ટકા ગ્રાહકો સબસ્ક્રીપ્ટસ ટ્રેપનો શિકાર બન્યા છે. ગ્રાહક મામલાનાં મંત્રાલયમાં સચીવ નિધિ ખરેનાં જણાવ્યા અનુસાર ડાર્ક પેટર્ન અનુચીત વ્યાપાર છે તે સમજી વિચારીને કરવામાં આવે છે. હવે દોષિતો પર સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.

ખોટી ઈમરજન્સી બતાવી ગ્રાહક જે ખરીદવા માંગે તેની ઉપલબ્ધ ઓછી બતાવી વધુ પૈસા માંગવામાં આવે છે.જયાં સુધી ગ્રાહક અપગ્રેડ વર્ઝન ન લે ત્યાં સુધી ઉત્પાદન કે સેવાને ઉપયોગ કરવાથી રોકી દેવામાં આવે છે.

જયાં સુધી ગ્રાહક કોઈ સેવા સબસ્ક્રાઈબ ન કરે ત્યાં સુધી વિઘ્નો નાખવા પહેલા ઓછા ભાવમાં કોઈ પ્રોડકટ કે સર્વીસની જાહેરાત કરવી પરંતુ જયારે ગ્રાહક ખરીદવા માંગે તો સ્ટોક ન હોવાની વાત કરીને તે વસ્તુને મોંઘી કરી નાખવામાં આવતી હોય છે.

# રાજકોટ ટ્રાફિક પોલીસ ડિજિટલ ના પંથેઃ ઓવર સ્પીડથી વાહન ચલાવતા ચાલકો દંડાશે





**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશ માં ડિજિટલ ક્રાંતિ આકાર લઈ રહી છે ત્યારે અકસ્માતનું પ્રમાણ નિવારવા અને ટ્રાફિક નિયમનનું ભંગ કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવા પોલીસ સજ બની છે અને ડિજિટલ યુગનો સહારો લઈ રહ્યા છે ત્યારે રાજકોટ પોલીસ પણ ડિજિટલ ના પંથે આગળ વધી રહી હોય તેમ શહેરની ભાગોળે હાઈવે પર ઓવર સ્પીડે ચલાવતા વાહન ચાલકો અને પકડવા ઓવર સ્પીડ મીટરથી કાર્યવાહી શરૂ કરાય છે.

ત્યારે શહેર માં આવેલ ઓવરબ્રિજ પર વાહન લિમિટ ૪૦ કિ.મી હોય પરંતુ વાહન ચાલકો ઓવરબ્રિજ પર બેફામ ઓવર સ્પીડે વાહન ચલાવી નીકળતા હોય જેને નાથવા રાજકોટ ટ્રાફિક પોલીસે હવે શહેરના ઓવરબ્રિજના શરૂઆત ની આગળ ડિજિટલ મીટર મોબાઈલ ફોન સાથે ઓનલાઈન કનેક્ટ કરી કાર્યવાહી શરૂ કરી છે ઓવરબ્રિજ પર ઓવર સ્પીડે નીકળતા વાહન ચાલકો હવે આ કેમેરામાં કેદ થઈ જશે અને તે વાહન નંબરના આધારે તેના એડ્રેસ પર ઈ મેમો ઘરે પહોંચી જશે

# ગુજરાતમાં ૧૪-૧૫ જૂન પછી ચોમાસાની એન્ટ્રીની શક્યતા

### હાલ કેરળથી નીકળી મુંબઈમાં અટક્યું



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કેરળ અને મુંબઈ સુધી ચોમાસું વહેલું આવ્યા બાદ મહારાષ્ટ્ર અને મુંબઈથી આગળ વધવાના બદલે ત્યાં અટકી ગયું છે અને હાલમાં કોઈ નવી સિસ્ટમ ન સર્જાતાં સુરત શહેર સહિત દક્ષિણ ગુજરાતમાં ચોમાસા માટે પખવાડિયાની રાહ જોવી પડશે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે કે દક્ષિણ ગુજરાતમાં ૧૪-૧૫ જૂન પછી વરસાદની પધરામણી થવાની શક્યતા છે.

હવામાન વિભાગના પ્રવક્તાના જણાવ્યા મુજબ મંગળવારે સુરત શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી, લઘુતમ તાપમાન ૨૯ ડિગ્રી, હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા, હવાનું દબાણ ૧૦૦૨.૦ મિલીબાર અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી કલાકના ૧૨ કિ.મીની ઝડપે પવન ફુંકાયો હતો. દરમિયાન મંગળવારે બપોરના સમયે પ્રતિ કલાક ૨૫ કિ.મી સુધીની ઝડપે પવન ફૂંકાયો હતો. છેલ્લા ઘણા દિવસોથી વાદળો બંધાય છે પણ કેટલાક વિસ્તારોમાં રાત્રિના કે દિવસના પૂર ઝડપે પવન ફૂંકાવાની સાથે વરસાદનું જોરદાર ઝાપટું પડે છે. પરંતુ નિયમિત વરસાદ વરસતો નથી.

આ અંગે હવામાન વિભાગના વિજ્ઞાનીઓ જણાવે છે કે આ વર્ષે ચોમાસાની વહેલી એન્ટ્રી તો થઈ છે પણ કેરળમાંથી ચોમાસું આગળ વધીને મુંબઈ સુધી આવીને અટકી ગયું છે. આ ચોમાસું ગુજરાત તરફ આગળ વધવાની જગ્યાએ ત્યાં જ વરસી રહ્યો છે. આ બ્રેક અંગે અરબી સમુદ્ર પર રત્નાગીરી અને મહાબળેશ્વર વચ્ચે એક સિસ્ટમ બની હતી. તે સિસ્ટમના કારણે મુંબઈ અને મહારાષ્ટ્રમાં વરસાદ વરસ્યો હતો. પરંતુ આ સિસ્ટમ ત્યાં જ વિખેરાઈ ગઈ હતી. આથી ચોમાસું આગળ વધી શક્યું નથી.

હવે અરબી સમુદ્ર પર એક સિસ્ટમ બનશે અને ત્યારબાદ વરસાદ આવશે તેવી આગાહી કરવામાં આવી છે. દર વર્ષે મે મહિનાના અંતે કે જૂનની શરુઆતમાં વરસાદના ઝાપટાં પડતાં હોય છે. પરંતુ વિધિવત વરસાદની તો ૧૪ અને ૧૫ જૂન પછી જ પધરામણી થતી હોવાથી આ વર્ષે પણ સુરત શહેર સહિત દક્ષિણ ગુજરાતમાં રાબેતા સમય મુજબ ૧૪ અને ૧૫ જૂન પછી જ ચોમાસું એન્ટ્રી કરે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે.

# મધ્યપ્રદેશમાં સીમેન્ટ ભરેલો ટ્રક કાર પર પલટી જતા ૯ લોકોના મોત

### પરિવાર લગ્ન પ્રસંગથી પરત ફરી રહ્યો હતો ત્યારે કરૂણાંતિકા સર્જાઈ



ઝાબુઆ (એમપી) તા.૪

જીલ્લાના થાંદલા, મેઘનગર વચ્ચે સંજેલી રેલવે ફાટક પાસે એક ભીષણ માર્ગ અકસ્માતમાં ૯ લોકોના અરેરાટીભર્યા મોત નિપજયા હતા. પોલીસના જણાવ્યા મુજબ બુધવારે રાત્રે લગભગ ૨ વાગ્યે નિર્માણાધિન ઓવરબ્રીજ પાસે વળાંક પર એક ટ્રક કાર પર પલટી ગયો હતો.

ટ્રક ચાલકનું ટ્રક પર સંતુલન બગડી ગયું હતું અને તે એક કાર પર લપટી ગયો હતો. જયારે ટ્રક કાર પર પલટયો ત્યારે તે સીમેન્ટથી ભરાયેલો હતો. વધુ ભારથી કારમાં બેઠેલા ૯ લોકોના મોત નીપજયા હતા. પરિવાર લગ્ન સમારોહથી પરત આવતા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી.

# શિસ્તબદ્ધ નાગરિકોની સાથે કટોકટીના સમયે સમાજને મદદરૂપ થઈ શકે તેવા સ્વયંસેવકો મળી રહે તે હેતુથી કેડેટ્સને સિવિલ ડિફેન્સની તાલીમ અપાઈ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે સત્ય સાઈ વિદ્યાલય ખાતે ચાલી રહેલા નેવલ યુનિટના એન.સી.સી.કેમ્પની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે કેડેટ્સને પ્રોત્સાહિત કર્યા અને તેમને 'રાષ્ટ્ર સેવા પરમો ધર્મ' નો મહત્વપૂર્ણ મંત્ર આપી શિસ્ત, સેવા અને મહેનતની જીવનમાં કેટલી અગત્યતા છે તે વિશે વિસ્તાર પૂર્વક સમજ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે આ ગુણો માત્ર રાષ્ટ્રસેવા માટે જ નહીં, પરંતુ વ્યક્તિગત વિકાસ અને સફળતા માટે પણ અત્યંત જરૂરી છે. કલેક્ટરશ્રીના પ્રેરણાદાયી શબ્દોથી યુવા કેડેટ્સમાં દેશભક્તિ અને સમર્પણની ભાવના વધુ પ્રબળ બની હતી.અહીં કેડેટસે પણ કલેકટર સમક્ષ પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા અને કેમ્પમાં તેઓએ કઈ નવી બાબતો જાણી અને જોઈ તે વિશે જણાવ્યું હતું.સાથે જ કેડેટ્સે કલેક્ટર સમક્ષ પ્રશ્નોત્તરીના માધ્યમથી સંવાદ સાધ્યો હતો જેમાં તેઓએ ભવિષ્યની તૈયારી, દેશસેવામાં જોડાવા શુ કરવું, ઉચ્ચ અભ્યાસ અને તે માટેનું માર્ગદર્શન વગેરેની ચર્ચા કરી હતી.કલેક્ટરએ પણ ખૂબ જ રસાળ શૈલીમાં વિદ્યાર્થીઓને આ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.જેનાથી એન.સી.સી. કેડેટ્સમાં પણ ઉત્સાહનો સંચાર થયો હતો.માત્ર શિસ્તબદ્ધ નાગરિકો જ નહીં, પરંતુ કટોકટીના સમયે સમાજને મદદરૂપ થઈ શકે તેવા સક્ષમ સ્વયંસેવકો પણ મળી રહે તે હેતુથી આ એન.સી.સી. કેમ્પમાં કેડેટ્સને સિવિલ ડિફેન્સની પણ તાલીમ આપવામા આવી હતી.કોઈપણ કુદરતી કે માનવસર્જિત આપત્તિ જેમ કે પૂર, ધરતીકંપ, મોટા અકસ્માતો, કે આતંકવાદી હુમલા ના સમયે, સામાન્ય નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવું એ સર્વોચ્ચ પ્રાથમિકતા હોય છે. એન.સી.સી. કેડેટ્સને આ તાલીમ આપવાથી તેઓ આપત્તિ વ્યવસ્થાપન માટે તૈયાર થાય છે.પોતાના અને અન્ય લોકોના જીવ બચાવવા સક્ષમ બને છે.પોલીસ, NDRF (નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ) અને અન્ય રાહત એજન્સીઓને મદદરૂપ થઈ શકે છે.સિવિલ ડિફેન્સ અંતર્ગત કેડેટ્સને પ્રાથમિક સારવાર, ઘાયલ વ્યક્તિઓને તાત્કાલિક સારવાર આપવી, ઘાવની સારવાર, ફ્રેક્ચરની સ્થિતિમાં મદદ, શોધ અને બચાવ વગેરેની તાલીમ અપાઈ હતી. આ તાલીમ દ્વારા એન.સી.સી. કેડેટ્સ ભવિષ્યમાં કોઈપણ પડકારજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ બને છે અને ''રાષ્ટ્ર સેવા પરમો ધર્મ'' ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરે છે.આ મુલાકાત દરમિયાન નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણ વી.કે.ઉપાધ્યાય, ૮ ગુજરાત નેવલ એન.સી.સી. યુનિટ જામનગરના કમાન્ડિંગ ઓફિસર લેફ્ટનન્ટ કમાન્ડર સ્નેહા રાય, એસોસિએટ એન.સી.સી. ઓફિસર્સ, પરમેનન્ટ ઈન્સ્ટ્રક્ટર તથા બહોળી સંખ્યામાં કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ખુશીની ખુશીનો આધાર બન્યો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

## જોડિયા તાલુકાના બાલંભા ગામમાં ૨ મહિનાની બાળકી ખુશીના ત્રાંસા પગનું વિનામૂલ્યે કરાયું સફળ ઓપરેશન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના બાલંભા ગામમાં ખેતીકામ કરતા પ્રવીણભાઈ જાદવના ઘરે ૨૪ જૂન, ૨૦૨૪ના રોજ દીકરી ખુશીનો જન્મ થયો હતો. જન્મ સમયે તેનું વજન ૨.૮ કિલોગ્રામ હતું. બાળકીને જન્મથી જ જમણા પગમાં ક્લબ ફૂટ એટલે કે જન્મજાત પગની ખોડખાંપણ હતી. ધ્રોલની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમની ટીમ દ્વારા બાળકની પ્રાથમિક મુલાકાત લેવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જોડિયાના તાલુકા હેલ્થ ઓફિસર ડો.સંજય સોમૈયાના માર્ગદર્શન હેઠળ છ્છજીઉં ટીમના ડો.સેજલ કરકર અને તેમની ટીમે બાળકીની ગૃહ મુલાકાત લીધી.પરિવાર ખુબ જ ચિંતિત હતો, પરંતુ ડોક્ટરોએ તેમને સમજાવ્યું કે આ જન્મજાત ખામીની સારવાર શક્ય છે અને ગભરાવાની જરૂર નથી. તેમણે ખાતરી આપી કે બાળક અન્ય બાળકોની જેમ ચાલી શકશે.

વિનામૂલ્યે સારવાર મળતા ખુશીને મળ્યું ઉજ્જ્વળ ભવિષ્ય.રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ દ્વારા સંદર્ભ કાર્ડ ભરીને જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે બાળકીને રિફર કરવામાં આવી. ડોક્ટરો દ્વારા સારવાર વિશે સમજાવવામાં આવ્યું, સારવાર અંતર્ગત બે મહિના સુધી દર અઠવાડિયે પ્લાસ્ટર કરવામાં આવ્યું. આ સારવાર ૦૯ જુલાઈ, ૨૦૨૪ થી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી ચાલી. ત્યારબાદ નિષ્ણાત ડોકટરો દ્વારા ખૂબ જ કુનેહથી ટીનોટોમી (પગની સર્જરી) કરવામાં આવી. બે દિવસ દાખલ રાખીને બાળકીને રજા આપવામાં આવી અને પગના શુઝ આપવામાં આવ્યા, તેમજ સમયાંતરે ફોલોઅપ અને તપાસ કરવામાં આવી.ઓપરેશન બાદ RBSK ટીમ, જેમાં ડો.સેજલ કરકર, ડો. દેવજી નકુમ, એફ.એચ.ડબલ્યુ બંસી ડાંગર, એમ.પી.ડબલ્યુ આનંદભાઈ અને ગામના આશા વર્કર દિવ્યાબેનનો સમાવેશ થાય છે, કે જેઓએ વારંવાર બાળકીની મુલાકાત લીધી અને તેના માતા-પિતાએ જણાવ્યું કે બાળકને ખૂબ સારું છે અને ઓપરેશન તથા સારવાર બાદ બાળકના પગમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ખાનગી હોસ્પિટલમાં ટીનોટોમી ઓપરેશનનો અંદાજિત ખર્ચ ૨૫,૦૦૦ રૂપિયા, એક પ્લાસ્ટરનો ખર્ચ ૨ થી ૩ હજાર રૂપિયા અને પગના શુઝનો ખર્ચ ૪ થી ૫ હજાર રૂપિયા જેટલો થતો હોય છે. જોકે, જી.જી.હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના સંદર્ભ કાર્ડ હેઠળ સમગ્ર ઓપરેશન અને સારવાર વિનામૂલ્યે કરવામાં આવી.આ પહેલથી ખુશીને સામાન્ય જીવન જીવવાની તક મળી છે, જે તેના પરિવાર માટે અનમોલ ભેટ સમાન છે.ખુશીના સફળ ઓપરેશન થકી RBSK કાર્યક્રમની સફળતા એ દર્શાવે છે કે સરકારની આરોગ્ય યોજનાઓ ખરેખર જરૂરિયાતમંદ પરિવારો માટે કેટલી લાભદાયી છે. આ માત્ર એક બાળકીના જીવનમાં આવેલો સુધારો નથી, પરંતુ આવા અનેક બાળકો માટે આશાનું કિરણ છે.

# જામનગરમાં નકલી પોલીસ બનીને યુવાનનો વિડીયો ઉતારી ૨૦,૦૦૦ નો તોડ : નકલી પોલીસ અને પત્રકારના નામે ધમકાવ્યાની ૩ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જુના રેલવે સ્ટેશન નજીક વેલનગર વિસ્તારમા રહેતા એક આસામીના ઘરે પહોચેલા રાજકોટ ક્રાઈમ બ્રાંચના નકલી પોલીસ જવાનોએ રેઈડના નામે ૨૦ હજાર રૂપિયાનો તોડ કરી અને એક આસામી પાસેથી પણ દારૂના નામે આ જ નકલી પોલીસ અને કથિત પત્રકારે તોડ કરવાનો પ્રયાસ કર્યો હોવાની સીટી બી.ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતાં ચકચાર જાગી છે. એક જગ્યાએથી તોડ કરી અન્ય જગ્યાએ રેઈડ કરી પૈસાની વ્યસ્થા કરી રાખવા કહેવામાં આવતાં બંને આસામીઓ પોલીસ દફતરે પહોચ્યા હતા, અને નકલી પોલીસ-પત્રકારનો ભાંડો ફૂટ્યો હતો. અને તેઓને શોધી લેવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.જામનગરમાં જુના રેલ્વે સ્ટેશન નજીક વેલનગરમાં રહેતો હર્ષ જીગ્નેશભાઈ રાઠોડ ગત તા.૩૧/૫/૨૦૨૫ના રોજ બપોરે પોતાના ઘરે હતો, ત્યારે બપોરે બે વાગ્યાના સુમારે એક કાર પોતાના ઘર પાસે આવીને ઉભી રહી હતી.

જે કારમાંથી ઉતરેલ બે શખ્સોએ પોતાની ઓળખ રાજકોટ ક્રાઈમ બ્રાંચના સ્ટાફના માણસો હોવાની કહી મોબાઈલમાં ઘરનું રેકોર્ડીંગ કરવા લાગ્યા હતા. રેકોર્ડીંગ કરી પોતાને પોલીસ તરીકે ઓળખાવનાર બંને શખ્સોએ હર્ષ અને તેના પિતાને દારૂ સબંધિત કાર્યવાહી કરવાની ધમકી આપી હતી, અને જો પોલીસ કેસમાં ન પડવું હોય તો ૫૦ હજાર રૂપિયાની માંગણી કરી હતી. પિતા પુત્ર પોલીસ લફડામાં પડવા ન માંગતા હોવાથી થોડી રકજક બાદ રૂપિયા ૨૦ હજાર આપી અહી જ પ્રકરણ રફેદફે કરી નાખ્યું હતું. ત્યારબાદ બંને કથિત પોલીસ જવાનો કારમાં બેસી ભીમવાસ તરફ રવાના થયા હતા.ભીમવાસના ઢાળિયા પાસે રમેશ વાઘેલા ઉર્ફે પ્રમુખના પુત્ર સાવનની દુકાને પહોચી બંને શખ્સોએ પોતાની ઓળખ ફરી પોલીસ તરીકે આપી તથા તેની સાથેના ત્રીજા શખ્સે પોતાની ઓળખ પત્રકાર તરીકે આપી પોતે રાજકોટમાં ત્રિલોક ન્યુઝમાંથી આવતો હોવાનું કહ્યું હતું.આ ત્રણેય શખ્સોએ સાવનને પણ દારૂના કેશ સબંધિત કાર્યવાહી કરવા અને જો કાર્યવાહીથી બચવું હોય તો પતાવટ કરવાનું કહ્યું હતું.

ત્યારબાદ ત્રણેય શખ્સોએ ખંભાલીયા જવાનું કહી પરત આવ્યે જો પતાવટ કરવી હોય તો રૂપિયાની વ્યવસ્થા કરવાનું કહી ત્રણેય કાર લઇ નીકળી ગયા હતા.આ ઘટના બાદ જેની સાથે તોડ થયો તે પિતા-પુત્ર અને સાવન મળ્યા હતા, અને સમગ્ર હકીકત સામે આવી હતી. ત્યારબાદ ત્રણેય સીટી બી. ડીવીઝન પોલીસ મથકે પહોચી જઇ પોતાની ઓળખ રાજકોટ ક્રાઈમ બ્રાંચના તરફના માણસો (પોલીસ કર્મચારીઓ) તરીકેની આપનાર શખ્સો અને કથિત પત્રકાર સામે ફરિયાદ નોંધાવી હતી. સીટી બી ડિવિઝનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેઓની ટીમએ ડુપ્લીકેટ પોલીસકર્મીઓ અને કથિત પત્રકાર સુધી પહોચવા તપાસ હાથ ધરી હતી અને તપાસનો દોર રાજકોટ સુધી લંબાવ્યો છે.

# મોરબી નજીક હથિયાર બનાવવાની ફેક્ટરી ઝડપાઈ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના માળીયામાં પોલીસે ચીખલી ગામે દરોડો પાડી ગેરકાયદેસર હથિયાર બનાવવાની મીની ફેકટરી ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી હતી. જેની પુછપરછમાં ચરાડવાના શખ્સનું નામ ખુલ્યું છે. આ મામલે પોલીસે વિશેષ તપાસ શરૂ કરી છે. યુટયુબમાં જોઈને આ શખ્સ હથિયાર બનાવવાનું શિખ્યો હતો. જેના માટે તેને સાધન સામગ્રી પણ તૈયાર રાખ્યા હતાં.

મળતી વિગતો મુજબ, મોરબીના માળીયાના ચીખલી ગામે ગેરકાયદેસર હથિયાર બનાવવાની ફેકટરી ધમધમતી હોવાની બાતમીના આધારે પોલીસે ચીખલી ગામે દરોડો પાડયો હતો.ચીખલી ગામે મફતીયાપરામાં રહેતાં સલીમ નામના શખ્સના ઘરેથી હથિયાર બનાવવાના સાધનો મળી આવ્યા હતાં. જેની પુછપરછમાં તેણે યુ-ટયુબમાં વિડિયો જોઈને હથિયાર બનાવવાનું શીખ્યો હોય અને તે પોતાના ઘરે જ હથિયાર બનાવવાનું કામ શરૂ કર્યુ હતું. સલીમની વિશેષ પુછપરછ કરતાં આ મામલે ચરાડવાના શખ્સનું પણ નામ ખુલ્યું છે.

ચરાડવાના સિદીક ઉમેદઅલી કાજોડીયાનું નામ ખુલતાં બન્ને વિરૂધ્ધ આમ્સ એકટ હેઠળ પોલીસે ગુનો નોંધ્યો છે. મોરબી પોલીસે માળીયા પાસેથી ઝડપી પાડેલી આ હથિયાર બનાવવાની મીની ફેકટરીમાંથી કટર તેમજ અલગ અલગ લોખંડના પાઈપ તથા વેલ્ડીંગનું મશીન સહિતનો મુદ્દામાલ મળી આવ્યો છે. ઝડપાયેલા સલીમે હથિયાર બનાવીને કોને સપ્લાય કર્યા છે કે કેમ ? તે બાબતે વધુ પુછપરછ શરૂ કરવામાં આવી છે.

# જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કર દ્વારા ગ્રામ પંચાયત ચૂંટણી-૨૦૨૫ ની પૂર્વ તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને ગ્રામ પંચાયતોની સામાન્ય વિભાજન મધ્યસત્ર પેટા ચૂંટણી-૨૦૨૫ ની પૂર્વ તૈયારીઓના ભાગ રૂપે તમામ પ્રાંત અધિકારીઓ અને તમામ મામલતદારઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ચૂંટણીલક્ષી વિવિધ મહત્વપૂર્ણ બાબતો પર વિગતવાર ચર્ચા કરી પૂર્વ તૈયારીઓ અંગેની સમીક્ષા સાથે કલેકટર દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પડાયું હતું.

બેઠક દરમિયાન પોલીંગ સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા, સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની યાદી તૈયાર કરવા, મતકુટીર મતપેટીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા, ડિસ્પેચિંગ, રીસીવિંગ, સ્ટ્રોંગરૂમ, કાઉન્ટિંગ સ્થળ નક્કી કરવા, ઝોનલ અધિકારીઓ તથા પોલીંગ સ્ટાફની નિમણૂક અને તાલીમ, તેમજ કાઉન્ટિંગ સ્ટાફની નિમણૂક અને તાલીમ જેવી બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટર દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને બાકી રહેલી કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર બી.એન. ખેર, તમામ પ્રાંત અધિકારીઓ અને મામલતદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

## ત્રણ દિવસ કેમ્પ માં ૭૭ દર્દી એ લાભ લીધો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને શ્ર ચંદ્રિકાબેન ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૬/૨૦૨૫ થી ૩/૦૬/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૭૭ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૬ લેગ (પગ) નાં દર્દી ૨૮ અને રીપેરીંગ ૨૩ દર્દી વિનામૂલ્યે લાભ લીધો

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે.

આ કેમ્પમાં મુખ્ય સહયોગ ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલિયા નો સહયોગ મળેલ છે. દર વર્ષે ૧ જૂન ના રોજ ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલિયા દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ભરતભાઈ રૂપારેલીયા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી કિશોરભાઈ પરમાર, જે.કે., સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર અનવરભાઈ ઢેબા, તેમજ ચેતનાબેન સવજાણી, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, મિતલબેન ચગ. દિવ્યાબેન ઉમરાણીયા, નીશાબેન વડગામા, ભાવનાબેન મહેતા, વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ. આગામી કેમ્પ તા.૧/૦૭/૨૦૨૫ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે

# વડોદરામાં સાસુ, સસરાના માનસિક ત્રાસથી કંટાળી પીડિત મહિલાએ અભયમની મદદ લીધી




વડોદરા હરણી વિસ્તારમાં રહેતા એક પરિવારમાં પીડિત મહિલાને સાસુ, સસરા અતિશય ત્રાસ આપતા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ કર્યો કે, મારા સાસુ, સસરા મને રોજ માનસિક ત્રાસ આપે છે અને એમાં મારા પતિ તેઓને એક શબ્દ પણ બોલી શકતા નથી. મારે છૂટાછેડા લેવા છે.

અભયમની ટીમે પીડિત મહિલાની હકીકત જાણી જેમાં લગ્નને નવ વર્ષ થયા છે, બે સંતાન છે અને પતિ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. સસરા રોજ મને નાની નાની બાબતે હેરાન કર્યા કરે છે અને મેણા ટોણા મારે છે. કામથી નીકળું એટલે ક્યાં જાય છે? શું કરવા જાય છે? કોણે પૂછીને નીકળી? કીધા વગર નીકળી પડી એવા શબ્દો બોલે છે. મે પિયરવાળાને સમજવવા બોલાવ્યા તો મારાં સસરા બોલવા લાગ્યા કે, કોણે પૂછીને બોલાવ્યા? અમને કીધા વગર તારે જવાની શું જરૂર પડી? તેમ કહી મારાં પિયરવાળાને અપશબ્દો બોલી કાઢી મુકતા હતા. મારી સાથે રોજ સસરા દ્વારા ત્રાસ આપવામાં આવે છે. સાસુ પણ મારા સસરાની તરફેણમાં બોલવા લાગ્યા અને ઘરના બધા કામ કરવા છતાં મને ખોટી રીતે માનસિક રીતે હેરાનગતિ કરવામાં આવે છે. સસરા વહુ તરીકેની મર્યાદા રાખતા નથી અને ત્રાસ છેલ્લા ઘણા વર્ષોથી સહન કરું છું. પતિને કહું તો એ મને જ બોલે છે. સાસુ સસરા કહે એમજ કરે છે અને મારી કોઈ જવાબદારી લેતા નથી.

અભયમની ટીમે સાસુ, સસરાને સમજાવેલ કે પુત્રવધુને આ રીતે માનસિક ત્રાસ આપવો યોગ્ય નથી. અભયમ ટીમ આગળ જ સસરાનું ગેરવર્તન દેખાય આવતું હતું અને પતિને પણ ફરજ અંગે ભાન કરાવતા પોતાની ભૂલ સ્વીકારી હતી. આવી હેરાનગતિ ચાલુ રહેશે તો આગળ કાયદાકીય કાર્યવાહી થઈ શકે તેમ સૂચન આપેલ હતું.

# જામનગર જીલ્લાના ધ્રોળ તાલુકાના અધ્યાપક નીતાબા જાડેજાએ પીએચડીની પદવી મેળવેલ



**મુખ્ય સમાચાર, જામનગર**

શ્રી ઉમિયાજી મહિલા બી.એડ કોલેજ ના અધ્યાપક નીતબા જાડેજા એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના શિક્ષણશાસ્ત્ર વિભાગ અંતર્ગત ડો..ધરમભાઈ કાંબલીયાના માર્ગદર્શન હેઠળ પીએચડી ની પદવી મેળવે જેમાં મહા શોધ નિબંધ ''ધોરણ ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ માટે વિષય નામાના મૂળતત્વો પર ઈ-કન્ટેન્ટ અને નાટ્યકરણ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

શિક્ષણશાસ્ત્ર માં પી.એચ.ડી ની પદવી મેળવવા બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના શિક્ષણ શાસ્ત્ર વિભાગના ડીન ડો.નીદત્તભાઈ બારોટ, ડો..ધરમભાઈ કાંબલીયા તથા ડો શ્રદ્ધાબેન બારોટ, ડો.મુકેશભાઈ ટંડેલ, ડો નિધીબેન અગ્રાવત, તથા ઉમિયા પરિવારના ટ્રસ્ટીઓ જેરામભાઈ, બી એચ ઘોડાસરા, બી.જી. કાનાણી સાહેબ, સ્કૂલના આચાર્ય વિજયાબેન બોડા તથા સમગ્ર સંસ્થા પરિવાર તેમજ મારા માતા પિતા ,પરિવાર, સમાજ, મિત્ર વર્તુળ, તમામનો હું હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું કે જેમના સાથ સહકારથી પીએચડી ની પદવી ગ્રહણ કરી ક્ષત્રિય સમાજનું ગૌરવ વધારે છે.

# આણંદ-ગોધરા સેક્સનમાં બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

આણંદ-ગોધરા સેક્સનના ટીંબા રોડ-સેવાલિયા સ્ટેશનોની વચ્ચે રી-રી ગર્ડરિંગ કામગીરી હાથ ધરાતા એન્જિનિયરિંગ બ્લોક લેવાનો હોવાથી આવતીકાલે કેટલીક મેમુ ટ્રેનો પ્રભાવિત રહેશે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના આણંદ-ગોધરા સેક્સનના ટીંબા રોડ-સેવાલિયા સ્ટેશનોની વચ્ચે બ્રિજ સંખ્યા ૬૫ ના (અપ લાઇન) પર સ્પૈન (૪૫.૭ મીટર લંબાઈ) ની રી-રી ગર્ડરિંગ (લોન્ચિંગ અને ડી-લોન્ચિંગ) કાર્યને કારણે એન્જિનિયરિંગ બ્લોક લેવાનો હોવાથી ૦૫ જૂન ૨૦૨૫ (ગુરુવાર)ના રોજ કેટલીક મેમુ ટ્રેનો પ્રભાવિત રહેશે. ટ્રેન નંબર ૬૯૧૩૫ આણંદ-ડાકોર મેમુ ટ્રેન તથા ટ્રેન નંબર ૬૯૧૩૬ ડાકોર-આણંદ મેમુ ટ્રેન ૦૫ જૂને રદ રહેશે.

જયારે ૦૫ જૂનના રોજ, ટ્રેન નંબર ૬૯૧૯૦ દાહોદ-આણંદ મેમુ ટ્રેન ગોધરા સુધી ચાલશે અને ગોધરા-આણંદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. રેલવે પ્રશાશન તરફથી મુસાફરોને વિનંતી કરવામાં આવી છે કે, આ ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે.

# વડોદરામાં નટવર નગર પાસેની મહી નદીમાં મોટાપાયે રેતીનું ગેરકાયદે ખનન ઝડપાયું



વડોદરાના વલી તાલુકાના નટવરનગર ગામ પાસેની મહી નદીમાં રેતીનું ગેરકાયદે મોટાપાયે ખનન થતું હોવાની માહિતીના આધારે ખાણ ખનીજ વિભાગે ગઈ રાત્રે કરોડો પાડતા રેતી માફિયાઓમાં નાશ ભાગ મચી ગઈ હતી.

ખાણ ખનીજ વિભાગે નંબર વગરની ત્રણ અને બે નંબર વાળી રેતી ભરેલી કુલ પાંચ ડમ્પરો કબજે કર્યા હતા. આશરે પોણા કરોડથી પણ વધુ રકમનો મુદ્દામાલ કબજે કરી દંડની કાર્યવાહી હાથ વધારવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે નટવર નગર પાસે મહી નદીમાં વારંવાર ગેરકાયદે રેતી ખનન થતું હોય છે છતાં પણ યોગ્ય પગલા લેવાતા નથી તાજેતરમાં કલેકટરને ફરિયાદ કરતા સાવલીના મામલતદાર સ્થળ પર આવ્યા હતા અને માત્ર નજર કરીને જતા રહ્યા હતા.

# હવે રેશનકાર્ડ ધારકો પોસ્ટમેનની મદદથી ઘરે બેઠા મફત ઈ-કેવાયસી કરાવી શકશે

## ટપાલ વિભાગ રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસીની સાથે આધાર કાર્ડમાં મોબાઇલ નંબર અપડેટની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છેઃ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને સબસિડીયુક્ત અનાજ મળતું રહે તેની સતત પાત્રતા સુનિશ્ચિત કરવા માટે ઇ-કેવાયસી પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. જે અંતર્ગત તમામ રેશનકાર્ડ ધારકોને ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. રાજ્યમાં અનાજ વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને સરળ બનાવવાની દિશામાં ગુજરાત સરકારની આ પહેલ એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. હવે આ અભિયાનમાં ટપાલ વિભાગ પણ મહત્વની ભૂમિકા નિભાવશે.

સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ભારતીય ડાક વિભાગ અને ગુજરાત સરકારના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ વચ્ચેના એક મહત્વપૂર્ણ કરાર હેઠળ, ટપાલ વિભાગ કોઈપણ ચાર્જ વિના ઘરે રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસીની સુવિધા પૂરી પાડી રહ્યું છે. અત્યાર સુધીમાં, ડાક વિભાગ દ્વારા બે લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ઘરે બેઠા ઇ-કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે. આ યોજનાના લાભ ખાસ કરીને એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોને મળશે. આ સેવા ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્થિત ૮૮૦૦થી વધુ પોસ્ટ ઓફિસો દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. પ્રત્યેક રેશનકાર્ડ ધારકોના ઇ-કેવાયસી ઝડપથી પૂર્ણ કરવા માટે, ડાક કર્મચારીઓ લાભાર્થીઓના ઘરે જઈને તેમને સેવા પૂરી પાડી રહ્યા છે. આ ઉપરાંત, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સાથે સંકલન કરીને, તેઓ રેશનની દુકાનો અને સમુદાય શિબિરોમાં ઇ-કેવાયસીની સેવા પણ પૂરી પાડી રહ્યા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ડાક વિભાગ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો દ્વારા ઘરે બેઠા આધારમાં મોબાઈલ નંબર અપડેટ કરવાની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે. જો કોઈ પણ રેશનકાર્ડ ધારકનો મોબાઈલ નંબર આધારમાં અપડેટ ન થયો હોય, તો ડાક વિભાગ પહેલા આધાર સેવા હેઠળ તેનો મોબાઈલ નંબર અપડેટ કરશે અને બાદમાં તે રેશનકાર્ડ ધારકનું ઈ-કેવાયસી કરશે. જો કોઈ કારણસર હાજર ડાક કર્મીઓ સાથે સંપર્ક ન થાય, તો આ સેવાનો લાભ લેવા માટે, રેશનકાર્ડ ધારક તેમની નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરી શકે છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયા અને સુલભ શાસન તરફ એક મોટું પગલું છે, જેના દ્વારા વૃદ્ધ વ્યક્તિઓ, દિવ્યાંગજનો, બીમાર વ્યક્તિઓ અને મહિલાઓને ટેકનોલોજી દ્વારા સરળ અને ગૌરવપૂર્ણ સેવા મળી રહેશે.

# રાજકોટમાં પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે 'વિશ્વ કલબફૂટ દિવસ'ની ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દર વર્ષે તા. ૦૩ જૂનના રોજ 'વિશ્વ કલબફૂટ દિવસ' ઉજવાય છે. જે નિમિત્તે રાજકોટ શહેરમાં આવેલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ ખાતે ઓર્થોપેડિક વિભાગ દ્વારા 'વિશ્વ કલબફૂટ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કલબફૂટની સારવાર લઈ ચૂકેલા તથા હાલમાં સારવાર લઈ રહેલા બાળકો અને તેમના વાલીઓની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર કેક કાપવામાં આવી હતી તેમજ બાળકોને ભેટ આપવામાં આવી હતી.

આ તકે ઉપસ્થિત અતિથિઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. વાલીઓએ તેમના અનુભવો જણાવ્યાં હતાં. તબીબો કલબફૂટની સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ મહેમાનોએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું.

આ પ્રસંગે હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ડો. નિકુંજ મારુ, એ.પી. ડો. હિમાંશુ પરમાર, ડો. કૃણાલ, એ.એચ.એ. ડો. અંકિતા, ડો. ભાર્ગવ, ડો. ધીમંત, ડો. સુરેશ, ઈન્ચાર્જ સિસ્ટર વર્ષા, ક્યોર કોઓર્ડિનેટરશ્રી રોઝલીન સહીતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ક્યોર ઈન્ટરનેશનલ ઈન્ડિયા ટ્રસ્ટ (ક્યોર ઈન્ડિયા)ના સાપ્તાહિક ક્લિનિકના સહયોગથી સોમવાર, બુધવાર તથા શુક્રવારે પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ખાતે ઓર્થોપેડિક વિભાગમાં કલબફૂટ ધરાવતાં બાળકોની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે.

# મુખ્યમંત્રીના હસ્તે રૂ.૯૭ કરોડથી વધુના ખર્ચે નિર્મિત ૪ જૂથ યોજનાના કરાશે લોકાર્પણ

### રાજકોટ જિલ્લાના ૧૫૩ ગામના ૪.૪૦ લાખથી વધુ લોકોને મળશે નિયમિત ૧૦૦ લીટર પાણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રાજકોટ જિલ્લાનું પ્રત્યેક ઘર હર ઘર નલ યોજનાથી લાભાન્વિત થયું છે. આ સાથે જ ''સૌની યોજના''ના પાણી મળતા રાજકોટમાં પાણીની તંગી હવે ભૂતકાળ બની ચૂકી છે ત્યારે રાજકોટ જિલ્લામાં વિવિધ ૨૦ જૂથ યોજનાઓ દ્વારા જોડાયેલ ગામ અને શહેરોને નવી જૂથ યોજના હેઠળ આવરી પ્રતિ વ્યક્તિ દીઠ ૧૦૦ એમએલડી પાણી મળે તે માટે ઝુંબેશરૂપે ઓગ્મેંટેશનની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી હતી.

આગામી તા.૦૬ જૂનના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે અંદાજે ૯૭.૪૮ કરોડના ખર્ચે નવનિર્મિત ભડલી, મચ્છુ-૧, મોવિયા અને પડધરી મળીને ચાર સુધારણા જૂથ યોજનાઓનું લોકાર્પણ કરવામાં આવશે. આ ચાર જૂથ યોજનાઓ અંતર્ગત વિંછીયા, જસદણ, રાજકોટ, વાંકાનેર, ગોંડલ, કોટડાસાંગાણી, પડધરી, લોધિકા અને ધ્રોલ તાલુકાના ૧૫૩ ગામ - નગરોને સાંકળી લેવામાં આવ્યા છે. આ યોજનાઓ કાર્યરત થતા ૧૫૩ ગામના કુલ ૪,૪૦,૫૪૪ થી વધુ લોકોને પ્રતિ વ્યક્તિ દીઠ ૧૦૦ લીટર પાણી નિયમિત પહોંચાડવામાં આવશે.

રાજકોટ જિલ્લાના પડધરી, રાજકોટ, ધ્રોલ અને લોધિકા તાલુકાના ૪૬ ગામો-શહેરની ૧,૧૧,૧૧૪ માનવ વસ્તીને ૧૦૦ એલ.પી.સી.ડી. પાણી પહોંચાડવા ૨૧.૭૩ કરોડના ખર્ચે ૩૦.૫૨ કી.મી. ડી.આઇ.કે.-૭ તથા ૪૫.૯૮ કી.મી.ની પીવીસી પાઇપલાઇન, વિવિધ હેડ વર્કસ ખાતે ૫ થી ૧૦ લાખ લીટર ક્ષમતા સુધીના રો-વોટર સંપ, ૪૦ લાખ લિટર ક્ષમતાની ઇ.એસ.આર, વિવિધ ગ્રામ કક્ષાના સંપ અને પંપીંગ મશીનરી તથા જસદણ અને વિંછીયા તાલુકાના ૨૧ ગામો-શહેરોની ૬૯, ૪૯૯ વસ્તીને ૧૦૦ એલ.પી.સી.ડી. પાણી પહોંચાડવા ૧૭.૮૪ કરોડના ખર્ચે ૨૨.૮૩ કી.મી. ડી.આઇ. તથા ૫૭.૭૧ કી.મી.ની પીવીસી પાઇપલાઇન, ૧ થી ૫ લાખ લીટર ક્ષમતાના રો-વોટર સંપ, પાંચ લાખ લીટરનો ઈ.એસ.આર, પંપ હાઉસ અને પંપીંગ મશીનરી સહિતની વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મચ્છુ-૧ ગૃપ સુધારણા યોજના હેઠળ રાજકોટ અને વાંકાનેર તાલુકાના ૪૭ ગામોની ૧,૨૬,૪૪૩ માનવ વસ્તીને ૧૦૦ એલ.પી.સી.ડી. પાણી પૂરું પાડવા ૯.૮૬ કી.મી. ડી.આઇ.કે.-૭ અને ૮૮.૧૫૦ કી.મી. પી.વી.સી. પાઈપલાઈન, વિવિધ હેડ વર્કસ ખાતે ૪ થી ૧૩ લાખ લીટર ક્ષમતાના રો-વોટર સંપ, પંપ હાઉસ અને પંપીંગ મશીનરી તેમજ મોવિયા જૂથ સુધારણા હેઠળ ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાના ૩૯ ગામોની ૧,૩૩,૪૮૮ની વસ્તીને નિયત પાણીનો જથ્થો પહોંચાડવા ૪૯.૪૯ કી.મી. ડી.આઇ. પાઇપલાઇન અને ૭૧.૭૯ કી.મી. પી.વી.સી. પાઇપલાઇન, વિવિધ હેડ વર્કસ ખાતે ૧ થી ૩૦ લાખ લી. ક્ષમતાનો રો-વોટર સંપ, ૧૫ લાખ લિટર ક્ષમતાની ઈ.એસ.આર., ગ્રામીણ સ્તરે વિવિધ સંપ, પંપ હાઉસ તથા પંપીંગ મશીનરીની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

તમામ ગ્રામીણ વિસ્તારોમાં હાલના તબક્કે પાણીની જરૂરિયાતો વધી રહી છે તે મુજબ ભડલી જૂથ યોજના હેઠળ દૈનિક ૬.૯૫ એમ.એલ.ડી., મોવિયા જૂથ યોજના હેઠળ દૈનિક ૧૩.૫૦ એમ.એલ.ડી., પડધરી યોજના હેઠળ દૈનિક ૧૧.૧૦ એમ.એલ.ડી અને મચ્છુ-૧ યોજના હેઠળ દૈનિક ૧૨.૬૪ એમ.એલ.ડી પાણીની જરૂરિયાતોને સંતોષવામાં આવશે. આમ, મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થનાર પાણી પુરવઠા વિભાગ અંતર્ગતના આ પ્રકલ્પો થકી લાખો લોકોને પીવા અને ઘર વપરાશ માટે પાણીનો મહત્તમ અને પૂરતો જથ્થો ઝડપી પહોંચાડી શકાશે.

# શહેર પોલીસમાં ૭૯ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલની મળી બઢતી

### એકપણ મહિલા નહીં, બઢતી સાથે કેટલાકની આંતરિક બદલી થઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસમાં ફરજ બજાવતા ૭૯ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ (જમાદાર) તરીકે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા બઢતી આપવામાં આવી છે. જે પૈકીના કેટલાકની બઢતી સાથે આંતરીક બદલી થઈ છે. બઢતીના લીસ્ટમાં એકપણ મહિલા કોન્સ્ટેબલને બઢતી મળી નથી.

બઢતીના થયેલા ઓર્ડરમાં પોલીસ મથકો, ડીસીબી, એસઓજી બે બ્રાંચમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલનો સમાવેશ થયો છે. ઓર્ડરમાં બઢતી હંગામી ધોરણે અપાઈ છે. વહિવટી કારણોસર મૂળ હોદ્દા પર પરત પણ જરૂર જણાયે મુકી શકાય. બઢતી મળતા હવે હેડ કોન્સ્ટેબલના દરજ્જે મળતી સત્તા, કાર્યવાહીની છૂટ પ્રાપ્ત થશે. ૭૯ કોન્સ્ટેબલને મળેલા હંગામી પ્રમોશનમાં કેટલાક એટેચ એટલે કે મૂળ ફરજ સ્થળ પોલીસ સ્ટેશન સાથે ડીસીબી કે આવા અન્ય સ્થળે ફરજ હોય તેવા એટેચમાંથી બઢતી મેળવનારા કોન્સ્ટેબલને મુક્તિ અપાઈ છે.

# જિલ્લા પોલીસ વડાએ બનાવની તપાસ ધ્રાંગધ્રા ડીવાયએસપીને સોંપી



સુરેન્દ્રનગર - પાટડી સરકારી હોસ્પિટલમાં દર્દીના સગા દ્વારા ડોક્ટર અને સ્ટાફ સાથે ઝપાઝપી તેમજ ગેરવર્તનની ઘટના બની હતી. ઘટનાના અંગે પોલીસને જાણ કરતા પાટડી પોલીસનો પીઆઇ સહિતનો સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. જ્યાં મૃતકના સગાએ પોલીસ અધિકારી અને કર્મચારી સાથે પણ ગેરવર્તન કરતા પોલીસ દ્વારા લાફા ઝીંકતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ મામલે જિલ્લા પોલીસ વડાએ પ્રતિક્રિયા આપી હતી અને સમગ્ર બનાવની તપાસ ધ્રાંગધ્રા ડીવાયએસપીને સોંપવામાં આવી છે.

પાટડી શહેરી વિસ્તારમાં રહેતા અને સોલડી ગામના શિક્ષક રાજેન્દ્રભાઈ જાદવનું મોત નીપજતા તેઓના મૃતદેહને પીએમ અર્થે પાટડી સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. જે દરમ્યાન મૃતકના પુત્ર સહિતના સગા(યુવકે) ફરજ પરના ડોક્ટર અને સ્ટાફ સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને અપશબ્દો કહ્યા હતા. આથી ફરજ પરના ડોક્ટરે પોલીસને જાણ કરતા પાટડી પીઆઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો. જ્યાં યુવકને જોતા પીધેલી હાલમાં હોવાનું જણાઈ આવ્યું હતું અને તેને સમજાવવા જતા પોલીસ સાથે પણ ગેરવર્તન કરી અપશબ્દો કહ્યાં હતા અને પીઆઈ બી.સી.છત્રાલીયાનું બાવળું પકડવાનો પ્રયાસ કરતા પીઆઈ સહિતના પોલીસ કર્મચારીએ યુવકને લાફા ઝીંકતા હોય તેવો વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા હતા.

આ મામલે જિલ્લા પોલીસ વડા ડો.ગિરિશકુમાર પંડયાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં ઉહાપોહ મચાવનાર શખ્સ પીધેલી હાલતમાં નું અને પોલીસ અધિકારી તેમજ કર્મચારી સાથે ગેરવર્તન કર્યું હોવાનું જણાવ્યું હતું તેમજ મારામારીનો જે વિડિયો વાયરલ થયો તેની પહેલા અને બાદમાં શું બન્યું તે તમામ વિગતો અંગે તપાસ કરવામાં આવશે અને ત્યારબાદ દોષીતો સામે કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. આ સમગ્ર બનાવની તપાસ ધ્રાંગધ્રા ડીવાયએસપી જે.ડી.પુરોહિતને સોંપવામાં આવી છે.

# રાજકોટ ખાતે રીજીયોનલ સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન વર્કશોપ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ અને ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થા (ગ્રીટ) ના સંયુક્ત ઉપક્રમે ઈમ્પિરિયલ હોટલ ખાતે રીજીયોનલ સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન વર્કશોપ યોજાયો હતો.

વિકસિત ભારત @ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકારે વિકસિત ગુજરાત૨૦૪૭નો ડાયનેમિક વિઝન ડોક્યુમેન્ટ- રોડમેપ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં તૈયાર કર્યો છે. આ વિઝન ડોક્યુમેન્ટમાં દર્શાવાયેલા ટૂંકા અને લાંબા ગાળાના લક્ષ્યો ધ્યાને લઈને વ્યુહાત્મક યોજનાઓની રચના માટે ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થા (ગ્રીટ) થિંક-ટેન્ક તરીકે માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડી રહી છે. ત્યારે રાજકોટ ખાતે યોજાયેલ વર્કશોપમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ રાજકોટ અને જામનગર જિલ્લાના ઉદ્યોગ સાહસિકો અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખોએ જરૂરી સૂચનો રજૂ કર્યા હતા. આ તકે જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ ભારત આર્થિક વિકાસમાં જાપાનથી આગળ નીકળી ગયુ છે. પરંતુ યુએસ અને ચાઇનાના આર્થિક વિકાસ સુધી પહોંચવા વચ્ચે ઘણો ગેપ છે. આ ગેપને ઓછો કરવા શું કરવું તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નીતિ આયોગ જેમ રાજ્ય સરકારે ગ્રીટની સ્થાપના કરી છે. ત્યારે સૌરાષ્ટ્રનું ઈકોનોમિક પ્લાન બને જે લાંબા ગાળાનું પ્લાનિંગ સાથે વિકાસનું આયોજન થાય તે માટે ઉદ્યોગ સાહસિકોના સૂચનો જરૂરી છે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ગ્રીટ સાથે જોડાયેલા અધિકારીઓને ગ્રાઉન્ડ લેવલથી આયોજન કરી સૌરાષ્ટ્રનો ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરવા સુચન કર્યું હતુ. ઔદ્યોગિક વસાહત વિસ્તાર રહેવા લાયક શહેર બને જેમાં શિક્ષણ આરોગ્ય સહિતની માળખાકીય સુવિધાઓ મળે જેના માટે ખૂબ જ ગ્રાઉન્ડ લેવલથી કામ કરવું પડશે. અલગ અલગ ફિલ્ડ સાથે જોડાયેલા લોકોને મળીને તેમના અભિપ્રાયો લેવા, મેન પાવર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ચાની કીટલી કે નાની-નાની લારીવાળા આ બધા જ ઈકોનોમિક માસ્ટર પ્લાન્ટના ભાગ હોય છે જેથી તેઓને પણ ધ્યાનમાં રાખીને માસ્ટર પ્લાન તૈયાર કરવા સૂચન કર્યા હતા.

આ તકે જામનગર અને રાજકોટના ઉદ્યોગ સાહસિકો તેમજ અધિકારીઓએ ગ્રુપ ડિસ્કશન કર્યું હતુ.

આ ઉપરાંત યુવા માઈન્ડ પાવરનો સૌરાષ્ટ્રના વિકાસમાં ઉપયોગ કરવો, આઈ.આઈ.ટી આઈ.આઈ.એમ જેવી શૈક્ષણિક સંસ્થા સ્થાપવી, ઔદ્યોગિક વિસ્તારોમાં જમીન, વીજળી, પાણી, રોડ રસ્તા, આરોગ્ય, સ્વચ્છતા, ફાયર વગેરે પ્રાથમિક જરૂરિયાતોને વધુ મજબૂત કરવા, ઉદ્યોગો સાથે જોડાયેલ લોકોને તાલીમો આપવી વગેરે અંગે સૂચનો રજૂ કરાયા હતા.

આ વર્કશોપમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશી, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વૈષ્ણવ, એન્જિનિયરિંગ એસોસિએશન પ્રમુખ, જામનગર ચેમ્બર કોમર્સના પ્રમુખ જાડેજા સહિત ઉદ્યોગપતિઓ, ગ્રીટની ટીમ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સાબરમતી સ્વચ્છતા અભિયાનના નામે હોમગાર્ડ જવાન અને સિવિલ ડિફેન્સના કર્મચારીને પણ ધંધે લગાડ્યા



અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદીને સાફ કરવાના સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હવે આ પ્રોજેકટમાં ગુરૂવારે (૫મી જૂન) હોમગાર્ડના પાંચ હજારથી વધુ જવાનો અને સિવિલ ડિફેન્સના ૭૦૦થી વધુ જવાનો પણ લોકભાગીદારી કરી જોડાશે અને સાબરમતીને સાફ કરવામાં તેમની સેવા આપશે. આ દિવસે સાબરમતી નદીના પશ્ચિમ છેડે સરદાર બ્રિજની નીચે એનઆઇડી પાસેના પટ્ટા-વિસ્તારમાં તેમ જ નદીના પૂર્વ છેડે અટલ બ્રિજની નીચેના ઘાટ વિસ્તારમાં નદીમાંથી મોટા પાયે કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવાનું વિશેષ આયોજન હાથ ધરાયું છે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રા.લિ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે સાબરમતી નદીને સાફ કરવાનું સ્વચ્છતા મહાઅભિયાન છેલ્લા બે અઠવાડિયાથી શરૂ કરવામાં આવ્યું છે. જેમાં જુદા-જુદા તબક્કામાં અને ભાગોમાં નદીની સફાઈ હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત સાબરમતીના પશ્ચિમ છેડે ચાર બ્લોક અને પૂર્વ છેડે પાંચ બ્લોક પાડી જુદા જુદા ઝોન, વિભાગો, સામાજિક સંસ્થાઓ, એનજીઓ સહિતના લોકોના શ્રમદાનની લોકભાગીદારીથી હાલ નદીને સાફ કરવાની કામગીરી ચાલુ છે.

આ સફાઈ અભિયાનમાં અમદાવાદ શહેરના પાંચ હજારથી વધુ હોમગાર્ડ જવાનો અને સિવિલ ડિફેન્સના ૭૦૦થી વધુ જવાનો સાબરમતી નદીને સાફ કરવામાં પોતાની સ્વૈચ્છિક સેવા આપશે. આ માટે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ ઝોનના તમામ ડિવીઝનના અધિકારીઓ, હોમગાર્ડ જવાનોને ગુરૂવારે વહેલી સવારે ૬:૧૫ વાગ્યે પૂર્ણ સંખ્યામાં હાજ રહેવાના આદેશો પણ જારી કરી દેવાયા છે. હોમગાર્ડ ડિપાર્ટમેન્ટ, ગુજરાત રાજયના કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલ અને અમદાવાદ શહેર પશ્ચિમના હોમગાર્ડઝ જિલ્લા કમાન્ડન્ટ કે.આર.પટેલના માર્ગદર્શન હેઠળ હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સના મળી કુલ આશરે છ હજાર જેટલા જવાનો અભિયાનમાં જોડાશે.

# ભુલા પડેલા ૮ વર્ષના બાળકનું માતા સાથે મીલન કરાવતી પોલીસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગુમ/અપહરણ થયેલા બાળકોને શોધી કાઢવાની ઉચ્ચ અધિકારીઓની સુચના અન્વયે પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ૮ વર્ષનો બાળક મળી આવતા પીસીઆર ઈન્ચાર્જ નૂરજહાંબેન, ટીબી શાબાઝભાઈ મોટાણી અને ૠઈૠ હુસેનભાઈ ખાન સહિતના સ્ટાફે બાળકનું રેસ્કયુ કરી પુછપરછ કરતા પોતાનું નામ નવાબ જણાવ્યું હતું. તે માતાથી છુટો પડી ગયો હોવાની વાત કરેલ જેથી ટીમે તરૂણના માતાની ગણતરીની કલાકોમાં જ શોધખોળ કરી બાળકનું માતા સાથે પુનઃમિલન કરાવ્યું હતું. બાળકની માતાએ જણાવ્યું હતું કે મારો પુત્ર છેલ્લી પાંચ કલાકથી ગુમ થયો હતો જેને પ્ર.નગર પોલીસની ટીમે શોધી કાઢતા બાળકની માતાએ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્ર ફરિ પ્ર.નગર પોલીસ સાર્થક કરી બતાવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લોધેશ્વર સોસાયટી અને પોપટપરામાં મુંગા પશુઓની તસ્કરી કરનાર ગેંગ ઝડપાઇ





**રૂ.૭૦ હજારમાં બકરા વેંચી દીધાઃ રૂ.૮.૭૦ લાખ કાર સહિતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યોઃ ચીલ ઝડપના ગુન્હામાં ઝડપાયેલ સમડી પાસાના પીંજરે સુરત જેલમાં ધકેલાઇ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની લોધેશ્વર સોસાયટીમાં બે મહિના પહેલા પાંચ બકરા અને પોપટપરામાં ત્રણ બકરાની ચોરી કરનાર સ્વીફટ કારના ચાલક સહિત પાંચ શખ્સોની ગેંગને ઝડપી લેવામાં માલવીયાનગર પોલિસને સફળતા મળી છે. બકરા વેંચી રૂ.૭૦ હજારની કમાણી કરી હોય પોલીસે ગુન્હામાં વપરાયેલ કાર સહિત રૂ.૮.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ માલવિયાનગર પોલીસ મથકના પીઆઇ જે.આર.દેસાઇની સુચનાથી પીએસઆઇ એમ.જે.ધાધલ, એએસઆઇ હિરેનભાઇ પરમાર, હેડ કોન્સ. અજયભાઇ, દિનેશભાઇ, કોન્સ. ભાવેશભાઇ ગઢવી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, લોધેશ્વર સોસાયટીમાંથી બકરાની ચોરી કરનાર ઇશમો હાલ પુનીતનગર પાણીના ટાંકા પાસે સફેદ કલરની સ્વીફટ કાર નંબર જીજે૦૩એનપીર૭૦ર લઇને ઉભા હોવાની હકિકત મળતા પોલીસની ટીમ ઉપરોકત સ્થળે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પાણી ટાંકા પાસે રેડીકસ કારખાના તરફના રસ્તેથી આ ગેંગને દબોચી લઇ પુછપરછ કરતા આજીડેમ ચોકડી પાસે પીટીસીના ગ્રાઉન્ડ નજીક યુવરાજનગર ઝુંપડપટ્ટીમાં રહેતો ભકુલ ઉર્ફે ઠેબો અનુક ચૌહાણ, વિક્રમ દાના ચૌહાણ, રાહુલ ઉર્ફે આકાશ જેશિંગ ચૌહાણ, નવઘણ સામજી સિંઘવ અને કિશન નાનજી સિંઘવ નામ હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઝડપાયેલ ગેંગની સઘન પુછપરછ કરતા આ પાંચેય શખ્સોએ બે મહિના પહેલા લોધેશ્વર સોસાયટી શેરી નં.ર/૬ના ખુણે રહેતા એક યુવાનના મકાનમાંથી આઠ બકરાની ચોરી કરી હતી. જયારે અગાઉ પોપટપરા સ્મશાન પાસે રાત્રીના સમયે બકરાની ચોરી કરી હતી અને આ ચોરી કરેલા બકરા રૂ.૭૦ હજારમાં વહેંચી લીધા હતા. પોલીસે રોકડા રૂ.૭૦ હજાર અને કાર સહિત કુલ રૂ.૮.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

અન્ય એક બનાવમાં ગોંડલ રોડ પર જીમી ટાવર પાસે લોહાનગરમાં રહેતો અને અગાઉ અનેકવાર ચીલઝડપ કરવાના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલ સુનીલ ઉર્ફે આર્યન ભાવેશ શિયાળ નામના ભરવાડ શખ્સ અને ક્રાઇમ બ્રાંચની ટીમે અટકાયતમાં લઇ તેની પાસાની દરખાસ્ત તૈયાર કરી શહેર પોલીસ કમિશનર કચેરીએ મોકલાવતા અને તેના પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મહોર લગાવી પાસાનું વોરંટ ઇશ્યુ કરતા પોલીસે સમડી સુનિલ ઉર્ફે આર્યન શિયાળને પાસામાં સુરત જેલમાં ધકેલી દીધો હતો.

# મેટોડામાં ઘરકંસાસથી કંટાળી આત્મહત્યા કરવા નિકળેલી યુવતીને પોલીસે બચાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જીલ્લામાં હંમેશા પોલીસ પ્રજાની મદદમાં, પોલીસ પ્રજાનો મીત્ર છે તે પંકિતને સાર્થક મેટોડા પોલીસે કરી છે. ઘરકંકાસથી કંટાળી આત્મહત્યા કરવા જતી મહિલાને તાત્કાલીક બચાવી લઇ કાઉન્સલીંગ કરી પરિવારને સોંપી હતી.

મેટોડા પોલીસ મંથકના પીઆઇ એમ.એચ.શર્મા, એએસઆઇ ભુમિકાબેન, હેડ કોન્સ. યોગીરાજસિંહ, અજયભાઇ સહિતનો સ્ટાફ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહતા ત્યારે ઘરકંકાસના કારણે કંટાળીને ગઇ તા.૩-૬ના વહેલી સવારે પોતાના ઘરેથી કોઇને કહ્યા વગર નિકળી ગયેલ હોય અને યુવતીએ તેના પિતાને ફોન કરતા પોતે આત્મહત્યા કરવા જાય છે અને મને કોઇ શોધવા આવશો નહીં તેવું યુવતીએ તેના પિતાને જણાવ્યું હોય ત્યારે મેટોડા જીઆઇડીસી ગેઇટ



નં.ર કોહિનુર પાર્ક સોસાયટીમાં રહેતા દિનેશભાઇ મારૂ તાત્કાલિક પોલીસ સ્ટેશન ખાતે દોડી જઇ પીઆઇ એસ.એચ.શર્મા ને સમગ્ર હકિકત જણાવતા પીઆઇની સુચનાથી એએસઆઇ ભુમિકાબેન સહિતના સ્ટાફે ઘરકંકાસના કારણે આત્મહત્યા કરવાની ગયેલી સંગીતાબેન દિનેશભાઇ મારૂને શોધવા માટે દોડધામ શરૂ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઇ પોલીસે ટેકનીકલ સોર્સીસ અને હ્યુમન સોર્સીસની મદદથી તાત્કાલીક ધોરણે યુવતીને માધાપર ચોકડીથી શોધી કાઢી પોલીસ સ્ટેશન લાવી ભવિષ્યમાં આવું પગલુ ન ભરે અને મહામુલ્ય માનવ જીંદગીનું મહત્વ સમજી આત્મહત્યા જેવું પગલુ ન ભરે તે માટે જરૂરી કાઉન્સેલીંગ કરી યુવતીને પરીવારને સોંપી હતી.

# રીબડામાં જુગાર રમતા ચાર શખ્સોને દબોચી લેતી ગોંડલ તાલુકા પોલીસ

બીજાએક બનાવમાં ગોંડલ તાલુકાના રીબડા ગામે જુગાર રમતા હોવાની હકિકતના આધારે પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી પીએસઆઇ આર.જે.જાડેજા, હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ, રૂપકભાઇ, જયેન્દ્રભાઇ તથા રણજીતભાઇ ધાંધલ સહિતના સ્ટાફે રાજકોટ ગોંડલ હાઈવે પર આવેલી રીબડા ચોકડી પાસે પડતર મકાનમાં ચાલતા જુગાર પર દરોડો પાડતા જુગાર રમતો રાજકોટના રૈયાધાર પાસે રહેતો નટુ તેજા મકવાણા, રીબડાનો હર્ષદ રઘુ મકવાણા, શાપરનો સોમા બેચર પરમાર અને રાજેશ દેવજી ચાવડા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૦૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# હિરાસર એરપોર્ટ નજીક રીક્ષાને કારે હડફેટે લેતા માતાની નજર સામે માસૂમ બાળકનું મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કુવાડવા હાઈવ પર આવેલા હિરા-સર એરપોર્ટ નજીક પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા સ્વાર માતાની નજર સામે જ તેના ૧૩ મહિનાના માસુમ બાળકનું ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે માતાને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. કુવાડવાના સાયપર ગામે રહેતી પરિણીતા તેના એકના એક પુત્રને લઈ ભીમઅગિયારસ કરવા માવતરે જતી હતી ત્યારે અકસ્માતમાં માસુમ પુત્ર ગુમાવતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આ જાણવા મળતી વિગત મુજબ, કુવાડવાના સાયપર ગામે રહેતી કૈલાસબેન અશવંતભાઈ ભલગામડીયા (ઉ.૨૮) નામની પરિણીતા તેના ૧૩ મહિનાના પુત્ર ધુપાલને લઈ મોટી મોલડી ગામે તેના ભાઈ જિતેશભાઈ વિહાભાઈ મેઘાણીના ઘરે ભીમઅગિયારસ કરવા

રીક્ષામાં બેસી જતી હતી ત્યારે હિરાસર એરપોર્ટ નજીક પહોંચતાં પાછળથી પુરપાટ ઝડપે આવતી કારના ચાલકે રીક્ષાને ઠોકર મારતાં રીક્ષા બે ગોથા ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કૈલાસબેનની નજર સામે જ તેના પુત્ર ધ્રુપાલનું ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. બનાવની જાણ થતાં એરપોર્ટ પોલીસ મથકના યોગેશ ચૌહાણ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

ઈજાગ્રસ્ત કૈલાસબેનને ૧૦૮ મારફત સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યારે પોલીસે જરૂરી કાર્યવાહી કરી માસુમ બાળકના મૃતદેહને પીએમમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ધુપાલના પિતા મજુરી કામ કરતાં હોવાનું જાણવા મળ્યું છે. એકના એક પુત્રના મોતથી પરિવારમાં આકંદ છવાઈ જવા પામ્યો છે. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ તજવીજ હાથ ધરી છે.

# બેડી ચોકડી નજીક પૂલ પરથી પડતું મૂકી વેપારીએ જીંદગી ટુંકાવી લીધી

## એકલવાયા જીવનની કંટાળી ભરી લીધું પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં માધાપર ગામે રહેતા વેપારીએ એકલવાયા જીવનથી કંટાળી બેડી ચોકડી નજીક પુલ પરથી પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. આધેડનાં મોતથી પરીવારમા અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ માધાપર ગામે રહેતા નૈમિષભાઈ નરેન્દ્રભાઈ માવાણી નામનાં ૫૦ વર્ષનાં આધેડ રાત્રીનાં દસેક વાગ્યાનાં અરસામા માધાપર ચોકડીથી બેડી ચોકડી વચ્ચે આવેલા પુલ પર હતા. ત્યારે પુલ પરથી પડતુ મુક્યુ હતુ. આધેડને બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યા હતા. જયા આધેડની સારવાર કારગત નિવડે તે પુર્વે જ ફરજ પરનાં તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરીવ-ારમા અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવીલ હોસ્પીટલ પોલીસ ચોકીનાં સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવીલ હોસ્પીટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડનાં મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડીકલ કોલેજ ખાતે ખસેડયો હતો.પ્રાથમીક પુછપરછમાં મૃતક નૈમિષભાઈ માવાણી બે ભાઈ બે બહેનમા મોટા હતા. અને કટલેરીનો ધંધો કરતા હતા. છુટાછેડા બાદ એકલવાયા જીવનથી કંટાળી પુલ પરથી પડતુ મુકી આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવ અંગ ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખોખડદળ નજીક પદયાત્રીઓને કારે હડફેટે લેતા ૩ ઘવાયા

## મેલડી માતાના દર્શને જતાં નડયો અકસ્માત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગઈકાલે રાત્રીના ચાર મિત્રો ચાલીને ખોખડદળ પાસે આવેલ મેલડી માતાજીના દર્શને જતાં હતાં ત્યારે કોઠારીયા રોડ પર બિલીપત્ર પાર્ટી પ્લોટ પાસે માતેલા સાઢની માફક ધસી આવેલા કારના ચાલકે ત્રણ પદયાત્રીને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા ત્રણેય યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માત સર્જી નાસી છુટેલા કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ આજી ડેમ ચોકડી પાસે આવેલ માનસરોવરમાં રહેતાં વિશાલ સાદુરભાઈ ભરવાડ (ઉ.૨૫), અર્જુન મેઘાભાઈ ભરવાડ (ઉ.૨૫) અને લક્ષ્મણ આલાભાઈ ભરવાડ (ઉ.૨૪), રાત્રીનાં બારેક વાગ્યાના અરસામાં કોઠારીયા રોડ પર આવેલ બિલીપત્ર પાર્ટી પ્લોટ પાસે ચાલીને જઈ રહ્યાં હતાં ત્યારે અજાણ્યા કાર ચાલકે ત્રણેય યુવકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી કાર ચાલક નાસી છુટયો હતો. ગંભીર રીતે ઘવાયેલા ત્રણેય યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજી ડેમ પોલીસને જાણ કરતાં આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં ઈજાગ્રસ્ત વિશાલ ભરવાડ ચાની હોટલ ધરાવે છે જ્યારે અર્જુન ભરવાડ કોઠારીયા રોડ ફાયર બ્રિગેડ સ્ટેશનમાં નોકરી કરે છે. ઈજાગ્રસ્ત ત્રણેય યુવક સહિત ચારેય મિત્રો ખોખડદળ નદીના પુલ પાસે આવેલ મેલડી માતાજીના મંદિરે ચાલીને દર્શન કરવા જતાં હતાં ત્યારે માતેલા સાંઢની માફક પુરપાટ ઝડપે ધસી આવેલી કારના ચાલકે ત્રણેય પદયાત્રી યુવકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજી ડેમ પોલીસે નોંધ કરી અકસ્માત સર્જી નાસી છુટેલા કાર ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કોંગી કોર્પોરેટરના નામચીન ભત્રીજાએ ફીલરમેનને આપી ધમકી

**નામચીન શખ્સ એ કહ્યુ મારા પર ૨૫ ગુના છે કઈ ફેર નહીં પડે તેમ કહી માર્યો માર**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટીમાં રહેતા મનોજભાઈ ભીખાભાઈ તન્ના(ઉ.વ. ૩૧)એ અક્રમ દાઉદાણી અને તેની સાથે આવેલા દિવ્યાંગ મિત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મનોજભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી બે માસ પહેલા જેની તારીખ મને યાદ નથી રાત્રીના અગીયાર વાગ્યે હું મારા પેટ્રોલપંપ ખાતે ફિલરમેન તરીકે ફરજ પર હાજર થયેલ જ્યા મારી સાથે પેટ્રોલ વિભાગમાં સુભમ ત્રિવેદી તથા વિવેક રાઠોડ કે જે સી.એન.જી. વિભાગમાં મારી સાથે ફરજ પર હાજર હતો તે દરમિયાન રાત્રીના કલાક ૦૨/ ૧૭ વાગ્યે બે શખ્સો પોતાનું સ્કુટર લઈ જેમાં એક બાઈકનુ પેટ્રોલ ખાલી થઈ ગયેલ હોય જેમાં એક શખ્સ પોતાની ઓળખ અક્રમ દાઉદાણી તરીકે આપી સુભમ ત્રિવેદી પાસે આવી ૧૦૦ રૂપિયાનુ પેટ્રોલ નાખી દે જેથી સુભમે પેટ્રોલ નાખી આપેલ જૈ બાદ સુભમને નામ સરનામું પુછી ગાળો દેવા લાગેલ જેથી



વિવેક રાઠોડ આ અક્રમભાઈ નામના શખ્સને ગાળો બોલવાની ના પાડતા આ અક્રમભાઈ તેમજ તેની સાથે આવેલ એક અજાણ્યો ઈસમ જે પગથી અપંગ હોય તે બંન્નેએ આ વિવેક ને ઢીકા પાટુનો મૂંઢ માર મારી અક્રમે તેની પાસે રહેલ એક્સેસ જેવા સ્કૂટરની ડેકીમાંથી છરી કાઢી સુભમ તેમજ વિવેકને બતાવવા લાગેલ અને આટલી જ વાર લાગે તેમ કહી ગાળો હોય તે દરમિયાન હું આવી જતા આ અક્રમ તેમજ તેની સાથે આવેલ અપંગ વ્યકતિને ઝઘડો ન કરો તેમ સમજાવતા આ અક્રમે મારી ઉપર પચ્ચીસ ગુન્હા નોંધાયેલ છે.

જેમાં એક ગુન્હો નોંધાય તો મને ફેર નહી પડે તેમ કહી પેટ્રોલપંપ સળગાવી દઈશ મને જાનથી મારી નાખવાની ધમકી આપી આ અમ તથા તેનો સાગરીત જેનુ નામ મને આવળતુ નથી તે બંન્ને પોત પોતાનુ સ્કૂટર લઈ નાશી ગયેલ અને વિવેકને શરીરે મૂંઢ દુખાવો થતો હોય મે ૧૦૮ ને ફોન કરી ૧૦૮ ને બોલાવી વિવેકને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા.આ અંગે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં સામેલ અક્રમ અગાઉ પણ મારામારીમાં આવી ચુક્યો છે અને કોંગી કોર્પોરેટરનો ભત્રીજો થતો હોવાનું હાલ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# રાષ્ટ્રીય શાળા પાસે મીડિયા હાઉસમાં થયેલી ૭૬.૯૦ લાખની ચોરીનો ભેદ ઉકેલાયોઃ ત્રણની ધરપકડ

**સતત ૩૬ કલાક સુધી સીસીટીવી કેમેરા તપાસી ક્રાઈમ બ્રાન્ચને મળી સફળતા:રોકડ, સોનું સહિતના મુદામાલ સાથે નેપાળી તસ્કરને દબોચી લીધો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય શાળા પાસે આવેલ મીડિયા હાઉસમાં રોકડ-દાગીના સહીત ૭૬.૯૦ લાખની મતાની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા એ ડીવીઝન, ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, ડોગ સ્કવોર્ડ સહિતની ટીમોએ તપાસ હાથ ધરી હતી. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની બે ટીમોએ સતત ૩૬ કલાક સુધી સીસીટીવી કેમેરા તપાસી મૂળ નેપાળના હાલ રૈયાધાર વિસ્તારમાં રહેતા તસ્કરને દબોચી રોકડ, સોનું સહિતનો મુદ્દામાલ કબજે કરી પુછતાછ કરતા મીડીયા હાઉસમાં કામ કરતા રસોયાએ જ ચોરી કરવાની હીંટ આપી હોવાની કબુલાત આપતા તેને પણ દબોચી લઈ

ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આ અંગે ની માહિતી મુજબ વૈશાલીનગરમાં રહેતા અને મીડિયા હાઉસમાં મેનેજર તરીકે નોકરી કરતા રાહુલ ગુણવંતરાય મહેતા ઉ.૪૭એ એ



ડીવીઝન પોલીસમાં ચોરી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે માલિક સતીશભાઈ મહેતાની ચેમ્બરમાં બાકોરૂ તેમજ સામાન વેર વિખેર જોવા મળ્યો હતો જેથી ચોરીની શંકાએ તપાસ કરતા માલિકની ચેમ્બરના ટેબલમાં પડેલ ધારીના સોની વેપારી મિત્રએ મોકલેલ ફાઈન સોનું અને બે બંગડી સહીત ૫૧.૫૦ લાખનું સોનું, માલિકની ૧૦.૨૫ લાખની વીટી-લકી, ચાંદીના નાના-મોટા સિક્કા, ૧.૨૫ લાખની ગણપતિની મૂર્તિ, રોકડા ૩.૫૦ લાખ, અન્ય ટેબલના ખાનામાંથી ૧૦ લાખના પગારના ૭૦ કવર, અન્ય લોકરમાં રાખેલ ૪૦ હજાર રોકડા મળી ૭૬.૯૦ લાખની મતા તસ્કરો ચોરી કરી ગયા હોય જેથી પોલીસને જાણ કરતા ડીસીપી, એસીપી, એ ડીવીઝન પીઆઈ, ક્રાઈમ બ્રાન્ચ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.ક્રાઈમ બ્રાન્ચે બે ટીમો બનાવી સતત ૩૬ કલાક સુધી કેમેરા તપાસતા સફળતા મળી હતી.જેથી ટીમે મૂળ નેપાળના હાલ રૈયાધારમાં રહેતા વિનોદને દબોચી રોકડ, સોનું સહિતનો મુદ્દામાલ કબજે કરી આકરી ઢબે પુછતાછ કરતા મીડીયા હાઉસમાં કામ કરતા રસોયા તરીકે કામ કરતા ટપુ નામના નેપાળીએ જ તેને ચોરી કરવાની હીંટ આપી હોવાની કબુલાત આપતા પોલીસે કર્મચારીને પણ દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# ગોંડલ પાસે ટાયર ફાટતા કાર ટ્રક સાથે અથડાઈઃ યુવકનું મોત

**ત્રણ મિત્રો જમીને પરત જતા હતા, કાર ડિવાઈડર સાથે અથડાતા ટાયર ફાટ્યુ અને આગળ ટ્રક સાથે અકસ્માતઃ બે ને ઈજા**



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ હાઈવે પર ભરૂડી નજીક ગતરાત્રે કારનુ ટાયર ફાટતા કાર ટ્રક સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો. કારમાં સવાર ત્રણ યુવાનો ઘવાતા સારવાર અર્થે રાજકોટ ખસેડાયા જેમાં ગંભીર રીતે ઘાયલ ગોંડલ નજીકના હડમતાળા ગામના ૨૪ વર્ષીય યુવક દિવ્યરાજસિંહ અજીતસિંહ જાડેજાનું મૃત્યુ નિપજતા યુવાન યુત્રના મૃત્યુથી પરિવારમાં કાળો કલ્પાંત થઈ સર્જાયો હતો

આ અંગે ની પ્રાપ્ત વિગતો મુજબ હડમતાળાના વતની અને ગોંડલ રહેતા દિવ્યરાજસિંહ તેમના અન્ય બે મિત્રો નરેન્દ્રસિંહ હરદેવસિંહ જાડેજા (ઉ.વ.૨૮), કુલીદપસિંહ જાડેજા (ઉ.વ.૨૫) ત્રણેય યુવાનો ગોંડલ હાઈવે પર ભરૂડી ટોલનાકા પાસે આવેલી અજયરાજ હોટલ પર ગતરાત્રે જમવા ગયા હતા. હોટેલથી રાત્રીના ૧૧ વાગ્યા બાદ કારમાં ફરી ઘરે આવવા નીકળ્યા હતા.

કાર થોડે આગળ જતાં જ ડિવાઈડર સાથે અથડાઈ હતી. જેના કારણે કારનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટતા કાર પરથી કાબૂ ગુમાવાયો હતો અને કાર આગળ ઉભેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ પડી હતી.

અકસ્માતમાં ઘાયલ ત્રણેય યુવાનોને રાજકોટ સિવિલ સારવામાં લવાયા હતા જયા તેમના પરિવારજનો, પરિચિતો પણ દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઘાયલ દિવ્યરાજસિંહનું મૃત્યુ નિપજયુ હતુ. જેના પગલે હાજર લોકોમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક અપરિણીત હોવાનું જાણવા મળે છે.

# યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી કાકા અને બહેનને ગાળો ભાંડી

## કારસ્તાન કરનાર યુવતીના પરિચીતને પકડી પોલીસ સોપ્યોઃ કાયદાનું ભાન પોલીસે કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કોઠારિયા ચોકડી પાસે રહેતી યુવતીના નામનું બોગસ ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી તેના પરથી યુવતીના કૌટુંબિક કાકા અને બહેનને ગાળો ભાંડતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેના કાકા સાથે યુવતીના નામના બોગસ એકાઉન્ટ પરથી ચેટ કર્યા બાદ ગાળો આપ્યા બાદ તેના મોટાબાપુની પુત્રીને પણ આ શખ્સે ગાળો ભાંડી હોવાનું ધ્યાન પર આવતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ નોંધાતાં જ સાયબર ક્રાઈમ પોલીસ મથકની ટીમે ગોંડલના જયેશ બારૈયા નામના શખસની ધરપકડ કરી તેને કાયદાનું ભાન કરાવ્યું હતું. યુવતીના પરિવારજનો અને આરોપી જયેશ બારૈયાના પરિવારજ વચ્ચે માથાકૂટ ચાલી રહી હોય તેનો બદલો લેવા જયેશે આ કારસ્તાન કર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

# શહેર માં માત્ર રૂા.૨૦૦૦ માટે યુવકનું અપહરણઃ જ્ઞાતી પ્રત્યેક હડધુત કર્યો

## જેણે જૂનાગઢ સુધીનું ભાડું આપ્યું તેને ૨૦૦૦ કમિશન નહીં આપતાં ટેક્સીચાલકને ગ્રીનલેન્ડ ચોકડીએ ધોકાવ્યા બાદ જૂનાગઢમાં પણ લમધાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી માત્ર રૂા.૨૦૦૦ માટે યુવકનું અપહરણ થયાની ઘટના પોલીસ ચોપડે નોંધાતાં ચકચાર મચી જવા પામી હતી. અહીં ઉભા રહેતાં ટેક્સીચાલકો પૈકીના એક ટેક્સીચાલકે બીજા ચાલકને જૂનાગઢનું ભાડું આપ્યા બાદ તે ભાડામાંથી રૂા. ૨૦૦૦નું કમિશન નહીં મળતાં આ ગુનો આચર્યો હોવાનું સામે આવ્યું છે. એ અંગે ડ્રાઈવિંગ કરતા અને હુડકો પોલીસ ચોકી પાછળ નાડોદાનગરમાં રહેતા સંજય ભીખાભાઈ રાઠોડે ફરિયાદમાં જણાવ્યું કે તે તેના મીત્ર નિરજસિંહ જયરાજસિંહ ઝાલાના નામની અર્ટિગા કાર રાજકોટ-અમદાવાદ પાટે ચલાવે છે. તેનું સ્ટેન્ડ ગ્રીનલેન્ડ ચોકડીએ આવેલું છે. અહીં શકીલ નામનો શખસ પણ રાજકોટ-અમદાવાદ વચ્ચે ટેક્સ ચલાવે છે. દરમિયાન ૩૦ મેએ બપોરે ચારેક વાગ્યાના અરસામાં શકીલ રજાકભાઈ દશાડીયા (રહે.શીતલ પાર્ક પાસે)એ સંજયને ફોન કરીને જૂનાગઢનું ભાડું આપ્યું હતું. આ ભાડાની રકમ પેટે સંજયે ૬૩૦૦ રૂપિયા લીધા હતા જેમાંથી ૨૦૦૦ રૂપિયા શકીલને કમિશન પેટે આપવાના હતા.

ભાડું થઈ ગયા બાદ શકીલે ૨૦૦૦નું કમિશન માંગતા સંજયે તેની પાસે હાલ ન હોવાનું કહ્યું હતું. આ પછી ૧ જૂને ત્રણેક વાગ્યે તે ગ્રીનલેન્ડ ચોકડીએ હતો ત્યારે શકીલ તેની ગાડીમાં અમદાવાદ જવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે જ સંજય પાસે ૨૦૦૦ કમિશન માંગ્યું હતું પરંતુ શકીલે પૈસા ન હોવાનું કહેતાં ત્યાં જ તેને ફડાકા મારી શકીલે તેની ગાડીમાં બેઠેલા પેસેન્જરોને ઉતારી સંજયને તેમાં બેસાડી દીધો હતો અને અપહરણ કરીને જૂનાગઢ લઈ ગયો હતો. જૂનાગઢમાં પણ તેને ફડાકા મારી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી 'હવે તું ગ્રીલેન્ડ ચોકડીએ કેમ ધંધો કરે છે તે હું જોઈ લઈશ' કહી ધમકી આપી હતી. જો કે જૂનાગઢના મજેવડી ગેઈટ પાસે જેવી શકીલે ગાડી ઉભી રાખી કે તેને ચકમો આપી સંજય કારમાંથી બહાર નીકળી રાજકોટ પહોંચ્યો હતો.